# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PARLIAMENTARY COMMITTEES GNR

"એક રાષ્ટ્ર એક ચૂંટણી" અંગેની સમીક્ષા કરવા સંયુક્ત સંસદીય સમિતિ - JPCની ટીમ આજથી ત્રણ દિવસ રાજ્યના પ્રવાસે છે. JPCના અધ્યક્ષ પી. પી. ચૌધરીએ ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, જેપીસીમાં તમામ રાજકીય દળને જોડવામાં આવ્યા છે. JPCની ટીમે અગાઉ ન્યાયાધીશોને પણ સાંભળ્યા હતા. તમામ નિષ્ણાતો પણ એક રાષ્ટ્ર એક ચૂંટણીના પક્ષમાં છે. અત્યાર સુધી તમામ રાજ્ય-એ પણ એક રાષ્ટ્ર એક ચૂંટણીને સમર્થન આપ્યું છે. આ ચૂંટણીલક્ષી પરિવર્તન એ દેશવાસીઓના હિતમાં હોવાનું શ્રી ચૌધરીએ ઉમેર્યું હતું.

(BYTE: P. P. CHAUDHARY, CHAIRMAN, JOINT PARLIAMENTARY COMMITTEE)

ઉલ્લેખનીય છે કે, સંયુક્ત સંસદીય સમિતિની ટીમના સભ્યો આજે મુખ્યસચિવ એમ. કે. દાસ, રાજ્ય પોલીસ વડા ડૉક્ટર K.L.N. રાવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી રહ્યા છે..

# RAJYAPAL VADODARA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જ્યાં સુધી ઈંધણનો સંકટ સમાપ્ત ન થાય ત્યાં સુધી રાજ્યમાં હવાઈ યાત્રા ન કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યપાલશ્રી આને અમદાવાદથી વડોદરા ટ્રેનમાં પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે વડોદરા જિલ્લાથી પંચમહાલના હાલોલ જવા જાહેર પરિવહન સેવા એસ.ટી. બસનો ઉપયોગ કરી ઈંધણ બચાવવાનો સંદેશ પણ આપ્યો હતો.

(BYTE: ACHARYA DEVVRAT, GOVERNOR)

# GNR BRICS MEETING

ગાંધીનગરમાં આજથી બે દિવસ બ્રિક્સ દેશ એટલે કે, બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના કાયદા અને ન્યાય વિભાગના વરિષ્ઠ અધિકારીઓની બેઠકનો પ્રારંભ થયો. તેનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકો અને વેપારીઓને અદાલતની લાંબી અને ખર્ચાળ પ્રક્રિયામાંથી બચાવીને ઝડપી ન્યાય અપાવવાનો છે.

આ બેઠકમાં વિવાદોને અદાલતની બહાર જ મધ્યસ્થી અને સમાધાન દ્વારા ઉકેલવા પર ભાર અપાશે. ઉપરાંત ડિજિટલ ટેક્નોલૉજી અને ઑનલાઈન મંચનો ઉપયોગ કરીને આંતર-રાષ્ટ્રીય વેપારી વિવાદોના ઝડપી નિરાકરણ અંગે પણ બેઠકમાં ચર્ચા કરાશે.

# NAGARPALIKA SAMANYA SABHA

રાજ્યભરમાં આજે 84 નગરપાલિકાઓની સામાન્ય સભા યોજાશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, આ સભામાં પક્ષ દ્વારા નગરપાલિકાઓના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષના નામોની જાહેરાત કરાશે. ગાંધીનગરમાં કલોલ અને દહેગામ નગરપાલિકાની સામાન્ય સભા સાંજે યોજાશે.

# LOCAL BODIES GUJ

રાજ્યભરમાં નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતના નવા સુકાનીઓની વરણીની પ્રક્રિયા શરૂ થઈ છે. મહેસાણામાં આગામી 23 તારીખે જિલ્લા પંચાયત અને 10 તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી આગામી 25 તારીખે થશે. બીજી તરફ, વિસનગર નગરપાલિકામાં પ્રમુખ તરીકે આશા પટેલ અને ઉપપ્રમુખ તરીકે મહેન્દ્રજી ઠાકોરની વરણી કરવામાં આવી. જ્યારે કડી નગરપાલિકાના પહેલા અઢી વર્ષ માટેના પ્રમુખ અને ઉપપ્રમુખના પણ નામ જાહેર કરાયા.

પાટણમાં પહેલા તબક્કામાં પાટણ અને સિદ્ધપુર નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા યોજાઈ. પાટણ નગરપાલિકામાં પ્રમુખ તરીકે પહેલા અઢી વર્ષનાં સુકાની તરીકે ચંદ્રિકા રાવળ અને ઉપપ્રમુખ તરીકે ઉત્કર્ષ પટેલ ચૂંટાઈ આવ્યા છે. જ્યારે સિદ્ધપુર નગરપાલિકામાં રણજીતસિંહ ઠાકોરની પ્રમુખ અને પ્રમોદ પટેલની ઉપપમુખ તથા અંકુર મારફતિયાની કારોબારી અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી.

તો, નવસારીના ગણદેવી નગરપાલિકાના હોદ્દેદારોની આજે વરણી કરવામાં આવી. જ્યારે દેવભૂમિદ્વારકામાં જામરાવલ નગરપાલિકા તેમજ ભરૂચની અંકલેશ્વર નગરપાલિકામાં પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણી યોજાઈ. તો, બોટાદ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખના નામની જાહેરાત કરવામાં આવી હતી.

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 24 કલાક ગરમી યથાવત્ રહેવાની સંભાવના છે. ત્યારબાદ બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગની સત્તાવાર યાદી મુજબ, ગત 24 કલાકમાં સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદ અને કંડલા વિમાનમથક પર નોંધાયું છે. જ્યારે અમરેલી, સુરેન્દ્રનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે.

# PENSION ADALAT

અમદાવાદમાં આગામી 27 જુલાઈએ પેન્શન અદાલત યોજાશે. તેમાં ટપાલ વિભાગના નિવૃત્ત કર્મચારીઓના પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ કરાશે. તેમજ નીતિ વિષયક મુદ્દા સિવાયના પેન્શનને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદ સાંભળી તેનો નિકાલ કરાશે.

પેન્શન સંબંધિત ફરિયાદ લોકોએ આગામી ત્રીજી જુલાઈ સુધીમાં અમદાવાદમાં શાહીબાગમાં સ્પીડપોસ્ટ ભવન ખાતે પોસ્ટમાસ્ટર જનરલ – હેડ ક્વાર્ટર પરિક્ષેત્રના વરિષ્ઠ લેખાધિકારીને મોકલી આપવાની રહેશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.